# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એકતાનગર ખાતે સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેશે, એકતા પરેડનું નિરીક્ષણ કરશે**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરદાર પટેલની જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એક હજાર 220 કરોડના નવા આકર્ષણોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું**
3. **અમદાવાદમાં 'સરદાર @150 યુનિટી માર્ચ'નું આયોજન**
4. **બનાસકાંઠામાં કમોસમી વરસાદને પગલે પર્યાવરણ રાજ્ય કક્ષાના મંત્રી પ્રવીણ માળીએ સમિક્ષા બેઠક યોજી.**
5. **મહિલા વિશ્વ કપ ક્રિકેટની સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ભારતે ફાઇનલમાં પ્રવેશ કર્યો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM EKTA NAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સ્ટૅચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે, અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ : ચૈતાલી જોશી)

*પ્રધાનમંત્રી એકતાનગર ખાતે ભારત પર્વ અંતર્ગત ડેમ વ્યુ પોઇન્ટ-૧ ખાતે યોજાનાર સાયક્લોથોન ઇવેન્ટનો કર્ટન રેઈઝર લૉન્ચ કરશે. દિલ્હીમાં યોજાતી પ્રજાસત્તાક દિવસ પરેડની પેટર્ન પર યોજાનાર મુવિંગ પરેડનું પણ શ્રી મોદી નિરીક્ષણ કરશે. આ પરેડમાં BSF, CISF, ITBP, CRPF, SSB, J&K, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને NCC મળીને કુલ 16 કન્ટીજન્ટ્સ સહભાગી થશે. આ વર્ષે 11 હજાર 500થી વધુ લોકો પરેડ નિહાળી શકે તેવી વ્યવસ્થા પણ અહી ઊભી કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આજે આરંભ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થી સનદી અધિકારીઓને માર્ગદર્શન પણ આપશે.*

*ચૈતાલી જોશી – પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ*

---

# PM-NATIONAL-UNITY-DAY

આજે રાષ્ટ્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને તેમની 150 મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપે છે. આ દિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે, જે સ્વતંત્રતા પછી ભારતને એક કરવામાં સરદાર પટેલે ભજવેલી સ્મારક ભૂમિકાને ઉજાગર કરે છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

# વોઇસ કાસ્ટ – હર્ષલ પંડ્યા

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે અને સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ વર્ષે મુખ્ય આકર્ષણોમાં રામપુર શિકારી શ્વાનો અને મુધોલ શિકારી શ્વાનો જેવા ભારતીય જાતિના શ્વાનોનો સમાવેશ કરતી BSF માર્ચિંગ ટુકડી, ગુજરાત પોલીસનો અશ્વ ટુકડી, આસામ પોલીસનો મોટરસાયકલ ડેરડેવિલ શો, અને BSFનો ઊંટ ટુકડી અને ઊંટ માઉન્ટેડ બેન્ડનો સમાવેશ થાય છે. પરેડમાં CRPFના પાંચ શૌર્ય ચક્ર પુરસ્કાર વિજેતાઓ અને ઝારખંડમાં નક્સલ વિરોધી કામગીરી અને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી કામગીરીમાં અસાધારણ હિંમત દર્શાવનારા BSFના સોળ શૌર્ય ચંદ્રક વિજેતાઓનું પણ સન્માન કરવામાં આવશે. ઓપરેશન સિંદૂર દરમિયાન બીએસએફના જવાનોને તેમની બહાદુરી માટે પણ સન્માનિત કરવામાં આવશે.*

*આ વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ પરેડમાં NSG, NDRF, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, આંદામાન અને નિકોબાર ટાપુઓ, મણિપુર, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઉત્તરાખંડ અને પુડુચેરીના દસ ટેબ્લો રજૂ કરવામાં આવશે, જે 'વિવિધતામાં એકતા' થીમ દર્શાવે છે. 900 કલાકારો દર્શાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધિ અને વિવિધતાનું પ્રતિનિધિત્વ કરતા ભારતના શાસ્ત્રીય નૃત્યો રજૂ કરશે. આ વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીનું વિશેષ મહત્વ છે કારણ કે રાષ્ટ્ર સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ ઉજવી રહ્યું છે.*

હર્ષલ પંડ્યા આકાશવાણી સમાચાર અમદાવાદ

---

## PM EKTA NAGAR E LOKARPNA - 1

રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકતાનગરમાં 1,220 કરોડના વિકાસ કામોની ભેટ આપી.

ભારત રત્ન સરદાર પટેલની સાર્ધશતિ જન્મ શતાબ્દિ નિમિત્તે 150 રૂપિયાના સ્મૃતિ સિક્કા અને ખાસ ટપાલ ટિકિટનું પ્રધાનમંત્રીના હસ્તે અનાવરણ કરાયું.

રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરના પ્રવાસન આકર્ષણો , સ્પોર્ટ્સ સહિતના 1,220 કરોડના

કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી. એક ભારત , શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાકાર કરતાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમને માણ્યો હતો.

વડોદરાથી એકતાનગર ખાતે આવી પહોંચેલા શ્રી મોદી સીધા ડેમ વ્યુ પોઇન્ટ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે સર્વ પ્રથમ , ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની સાર્ધશતિ શતાબ્દિ નિમિત્તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ચલણમાં મૂકવા માટેના 150 રૂપિયાના સ્મૃતિ સિક્કા અને ખાસ ટપાલ ટિકિટનું અનાવરણ કર્યું હતું.

બાદમાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. તેમની સાથે પ્રધાનમંત્રી શ્રી મોદીએ 367.25 કરોડના ખર્ચે ધ મ્યુઝિયમ ઑફ રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા, 140 કરોડથી વધુના ખર્ચે વિઝિટર સેન્ટર, 90. કરોડથી વધુના ખર્ચે વીર બાલક ઉદ્યાન , 27.43 કરોડના ખર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવેલેટરનું એક્સ્ટેન્શન, 23.60 કરોડ રૂપિયાના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ , ૨૪ મીટર એકતા નગર કોલોની રોડ , 12.50 કરોડના ખર્ચે જેટી ડેવલપમેન્ટ , સેન્ટ્રલ ઇન્સ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ બેરેકસ , શૂલપાણેશ્વર મંદિર પાસે જેટીનું કામકાજ , રેઇન ફોરેસ્ટ જેવા મહત્વના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું અને ઈ બસનું લોકાર્પણ કર્યું હતું.

એકતા નગર ખાતે 56 કરોડના ખર્ચે સ્ટાફ ક્વાર્ટર્સ, બિરસા મુંડા ભવન , 30 કરોડના ખર્ચે 25 ઈ-બસો, સાતપુડા પ્રોટેક્શન વોલ તથા રિવરફ્રન્ટ, વોક વે(ફેઝ-૨, એપ્રોચ રોડ , ઈ-બસ ચાર્જિંગ ડેપો સ્માર્ટ બસ સ્ટોપ (સીસી રોડ ,ડેમ રિપ્લિકા , ગાર્ડન, પ્રધાનમંત્રીએ લોકાર્પણ કર્યું હતું.

---

# EKTA RUN

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'સરદાર @150 યુનિટી માર્ચ'નું આયોજન કરાયું છે..

'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'એક ભારત, આત્મનિર્ભર ભારત'ના સંદેશને વધુ મજબૂત કરવા આ યુનિટી માર્ચનું આયોજન કરાયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નારણપુરાની સરદાર પટેલ કોલોનીમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા પાસેથી થોડીવારમાં  યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવશે. આ યુનિટી માર્ચ નારણપુરા સરદાર પટેલ કોલોનીથી શરૂ થઈ સરદાર પટેલ સ્ટેડિયમ રોડ, સી.જી. રોડ થઈને આશ્રમ રોડ પરની મહાત્મા ગાંધીજીની પ્રતિમા ખાતે પૂર્ણ થશે.

---

# BHARAT PARV

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી બાદ , એકતાનગર સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે 1થી 15 નવેમ્બર દરમિયાન પ્રથમ વખત દિલ્હીની બહાર 'ભારત પર્વ 2025'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ 15-દિવસીય કાર્યક્રમમાં દેશના 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોની સંસ્કૃતિ, ખાદ્ય પરંપરાઓ અને કલા-કારીગરીની ઝલક જોવા મળશે, જે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ઉજાગર કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ 'ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે , 1 થી 15 નવેમ્બર, 2025 દરમિયાન સ્ટેચ્યૂ ઑફ યુનિટીના પરિસરમાં 'ભારત પર્વ 2025'નું આયોજન કરવામાં આવ્યું છે, જે દેશની વિવિધતામાં એકતાની સંસ્કૃતિને પ્રદર્શિત કરશે.

---

## WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી 3 દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.એ. કે દાસના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ સાથે થન્ડર સ્ટોમ એક્ટિવિટી રહેશે. આગામી દિવસોમાં માછીમારો ને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. પોર્ટ પર 3 નંબરનું સિગ્નલ લગાવ્યું છે.

આ અંગે હવામાન નિયામકે વધુમાં જણાવ્યું ..

### બાઇટ – ડૉ.એ.કે.દાસ

આજે પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, અમરેલી, ભાવનગર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ,

દમણ અને દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. આજે અમદાવાદ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

---

## RAIN

રાજ્યના 113 તાલુકામાં માવઠાના અહેવાલ છે,જેમાં સૌથી વધુ ભાવનગરના મહુઆમાં 3.25 ઇંચ અને તળાજામાં 2.20 ઇંચ નોંધાયો છે. ભરૂચના હાંસોટમાં 2.75 ઇંચ ગાંધીનગર 2.10 ઇંચ સુરતના મહુવામાં 2.35 ઇંચ વરસાદ નોંધાયો છે..

કમોસમી વરસાદને પગલે ખડૂતો ચિંતામાં મુકાયા છે અરબી સમુદ્રમાં સર્જાયેલા દબાણના કારણે વરસેલો કમોસમી વરસાદથી ડેમમાં પાણીનું લેવલ વધતા વાસણ બેરેજના 2 દરવાજા 1 ફૂટ ખોલયા હતા.

રાજકોટ જિલ્લામાં આગામી 4 નવેમ્બર સુધી છૂટાછવાયા  વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લામાં આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 28થી 29 ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન 22-23 ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે.

---

## DISTRICT RAIN

બનાસકાંઠામાં કમોસમી વરસાદને પગલે વન અને પર્યાવરણ, ક્લાઇમેન્ટ ચેન્જ અને વાહન વ્યવહાર રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના

અધ્યક્ષસ્થાને પાલનપુર કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકાર ખેડૂતોને લઈને સંવેદનશીલ છે. તેમણે ખેતીવાડી વિભાગને ત્વરિત હેલ્પલાઇન નંબર ઊભો કરવા જણાવ્યું હતું.

આ સાથે તેમણે ખેડૂતોએ બનાવેલા રિચાર્જ કુવા સ્ટ્રક્ચરની સરાહના કરી હતી કારણ કે કમોસમી વરસાદના પગલે આ રિચાર્જ થકી તાત્કાલિક વરસાદી પાણીનો નિકાલ કરી શકાયો હતો.

આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું કે,

## બાઇટ -પ્રવીણ માળી

---

## WOMEN-S-CRICKET

ICC મહિલા એક દિવસીય વિશ્વ કપની બીજી સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને 5 વિકેટથી હરાવીને ભારતે ફાઇનલમાં પ્રવેશ કર્યો.

ગઈકાલે રાત્રે નવી મુંબઈમાં ડૉ. ડી.વાય. પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે રમાયેલી સેમિફાઇનલ મેચમાં 339 રનના લક્ષ્યનો પીછો કરતા ભારતે 5 વિકેટ બાકી રહેતા લક્ષ્ય હાંસલ કર્યું.

જેમાં જેમીમા રોડ્રિગ્સના 134 બોલમાં શાનદાર અણનમ 127 રન અને કેપ્ટન હરમનપ્રીત કૌરના 88 બોલમાં 89 રનની મદદથી ભારતે ઓસ્ટ્રેલિયા દ્વારા

નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરી. ભારત તરફથી શ્રી ચારણી અને દીપ્તિ શર્માએ 2-2 વિકેટ લીધી હતી.

અગાઉ પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયા 49.5 ઓવરમાં 338 રનમાં ઓલઆઉટ થયું, જેંમા ઓસ્ટ્રેલિયા તરફથી ફોબી લિચફિલ્ડે 119 રન તથા કિમ ગાર્થ અને એનાબેલ સધરલેન્ડે 2-2 વિકેટ લીધી હતી.

જેમીમા રોડ્રિગ્સને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી. રવિવારે નવી મુંબઈમાં ડૉ. ડી.વાય. પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે ફાઇનલમાં ભારત અને દક્ષિણ આફ્રિકાનો મુકાબલો થશે

---

## TAPI GARUDA APP

જંગલોની જાળવણી અને ગેરકાયદે પ્રવુતિ અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ગરુડા એપ શરૂ કરવામાં આવી છે..

પાયલોટ પ્રોજેક્ટ તરીકે તાપી, ડાંગ સહિતના પાંચ જિલ્લાઓમાં હાલ કાર્યરત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ જેના થકી કિંમતી જંગલોમાં થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે જંગલોની સાચવણીમાં મદદ મળી રહી છે.

તેના દ્વારા જંગલ વિસ્તારના અંતરિયાળ રસ્તાઓ પર સીસીટીવી કેમેરા મારફતે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે તેમ વિભાગીય વન અધિકારી સચિન ગુપ્તાએ જણાવ્યું હતું.

**(બાઈટ: સચિન ગુપ્તા-DFO)**

---